# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૪....

## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સને ૨૦૧૭–૧૮ હેઠળ દફતરી હુકમ નંબર. મફબ/એસ.જે.એમ.એમ.એસ.વી.વાય.(યુડીપી–૮૮)/ ૨૦૧૭–૧૮/ન.પા/આ.મા.સુ/પ્ર.હ/૨૦૧૭/૬૫૫૭/તારીખ.૧૭–૦૫–૨૦૧૭ રૂપીયા.૩૦૦.૦૦ લાખની ગ્રાન્ટની ફાળવણી થયેલ છે. તે પૈકી રૂપીયા. ૨ કરોડ ૩૫ લાખ રૂપીયા નું આયોજન મંજુર કરાવવા માટે બાકી રહેલ છે તે પૈકી આ નીચે જણાવેલ અનુક્રમ નંબર. ૧ થી ૧૧ ના કામો મંજુર કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | એલ.આઈ.સી.ની સામેનો ડો.છાંટબાર વાળી ચોક ખુલ્લી જગ્યા આર.સી.સી. | | ૫૪૦૦૦૦.૦૦ |
| (૨) | ત્રણ બતી શાકભાજી વાળા બેસે ત્યાં આર.સી.સી. પેવીંગ | | ૨૬૧૦૦૦.૦૦ |
| (૩) | ગવારાનો સુથારવાડો રબર બ્લોક પેવીંગ | | ૨૨૦૦૦૦.૦૦ |
| (૪) | બાલેશા વડ થી એપીએમસી તરફ નીકળતો મુખ્ય રસ્તો આર.સી.સી. | | ૭૦૦૦૦૦.૦૦ |
| (૫) | રાહધારી થી અંબાજી મંદીર સુધીનો મુખ્ય રસ્તો ૭ મીટર ખુટતી કડી આર.સી.સી. | | ૧૩૦૦૦૦૦.૦૦ |
| (૬) | મેલેરીયા ઓફીસ અદ્યતન બનાવવા | | ૨૧૦૦૦૦૦.૦૦ |
| (૭) | પાણીની લાઈનો માટે પી.વી.સી. તથા એમ.એસ.ની પાઈપો તથા તેના રમકડા તથા જોઈન્ટો અને મશીનરી વિગેરે | | ૩૫૦૦૦૦૦.૦૦ |
| (૮) | સ્વચ્છતા મીશન સફાઈ અભિયાન અંતર્ગત સાધનો/માલ સામાનની ખરીદી | | ૨૫૦૦૦૦૦.૦૦ |
| (૯) | ઈલેકટ્રીક લાઈટ | નંગ | |
| | સ્ટ્રીટ લાઈટ માટે ૨૦ વોટ એલઈડી કલેમ્પ સાથે | ૧૩૮૧ | ૯૯૮૫૧૭૦.૦૦ |
| | સ્ટ્રીટ લાઈટ માટે ૩૦ વોટ એલઈડી કલેમ્પ સાથે | ૬૪૦ | |
| | સ્ટ્રીટ લાઈટ માટે ૫૦ વોટ એલઈડી.કલેમ્પ સાથે | ૫૦ | |
| (૧૦) | એમ્બ્યુલન્સ | | ૧૨૫૦૦૦૦ |
| (૧૧) | શબવાહીની બનાવવા માટે ચેસીસ તથા બોડી વર્ક | | ૧૪૦૦૦૦૦ |
| | | કુલ રૂા. | ૨૩૭૫૬૧૭૦.૦૦ |

ઉપર મુજબ જણાવેલ ૧ થી ૧૧ કામોના રૂપીયા.૨,૩૭,૫૬,૧૭૦/–અંકે રૂપીયા બે કરોડ સાડત્રીસ પુરા ના કામો મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત અનુક્રમ નંબર.૯માં ખંભાત નગરપાલિકા હદ વિસ્તારમાં કુલ ૬૫૦૦ જેટલા સ્ટ્રીટ લાઈટના પોઈન્ટો આવેલા છે આમ આ અંગે ઓ.એન.જી.સી. ખંભાત સાથે થયેલ કાર્યવાહીમાં તેઓશ્રી ધ્વારા ૪૦૦૦ થી ઉપરના સ્ટ્રીટ લાઈટ અંગે એલ.ઈ.ડી. લાઈટો ખંભાત નગરપાલિકાને ફાળવવા માટે જરૂરી તેઓની વડી કચેરીએ દરખાસ્ત કરેલ છે આમ નગરપાલિકાને લોક ફાળા અનુદાનથી આ સ્ટ્રીટ લાઈટોને એલ.ઈ.ડી.માં – પરિવર્તિત કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે આમ અંદાજીત ૨૦૦૦ ઉપરાંત એલ.ઈ.ડી લાઈટોની જરૂરીયાત રહેતી હોઈ સરકારશ્રી ધ્વારા M/S.Energy Efficiency Services Ltd ને કામગીરી કરવા સોપેલ તે બાબતે નગરપાલિકા તરફથી જરૂરી ચર્ચા વિચારણા કરી અમો ઓ.એન.જી.સી.ના અનુદાનથી સ્ટ્રીટ લાઈટ એલ.ઈ.ડી.ની કાર્યવાહી કરનાર છે જેથી અમો નગરપાલિકાએ કરાર કરવાનો રહેતો ન હોઈ તેમ જણાવી દીધેલ છે અને બાકી રહેતી સ્ટ્રીટ લાઈટ એલ.ઈ.ડી. ખરીદી કરી આગામી તહેવારોના દિવસો પહેલા કામગીરી પુર્ણ કરવા આ જરૂરી દરખાસ્તમાં એલ.ઈ.ડી. લાઈટ માટે દરખાસ્ત કરેલ છે. તેવી જ રીતે ખંભાત નગરપાલિકા હદ વિસ્તારમાં આશરે એક લાખની વસ્તી ધરાવતું શહેર હોવાના કારણે શહેરની પ્રજાને વારંવાર પડતી હાલાકી અને મુશ્કેલીઓ ન વેઠવી પડે અને આરોગ્ય લક્ષી સેવા નગરપાલિકા આપી શકે તેવા હેતુથી અનુક્રમ નંબર. ૧૦ માં એમ્બ્યુલન્સ અને અનુક્રમ નંબર. ૧૧માં શબવાહીની પણ ખુબ જરૂરીયાત હોઈ તેને મંજુર કરવા અમો નગરપાલિકાની આગ્રહ ભરી વિનંતી છે.

આ કામોનું કન્સલટીંગ / ડી.ટી.પી./ ટી.પી.આઈ.ની કામગીરી નગરપાલિકાના માન્ય કન્સલટન્ટ શ્રી ધર્મેશભાઈ એમ. પટેલ પાસે મંજુર થયેલ ભાવો મુજબ કામગીરી કરાવવા અંગે તથા જરૂરી દરખાસ્ત મંજુર થઈને આવેથી ઓન લાઈન ભાવો પત્રકો એન. કોડ સોલ્યુશન મારફતે મંગાવવા તેમજ ડુડા ધ્વારા મંજુર થયેલ ટયુબ વેલ પંપીગ મશીનરી પંપરૂમની જાહેરાત દૈનીક "સંદેશ" આણંદ જીલ્લાની આવૃતિ તેમજ "નયા પડકાર"ની દૈનીક આવૃતિમાં જાહેરાત આપવાની રહેશે અને તેનો થતો ખર્ચ ચુકવવા ઠરાવવામાં આવે છે. આ બાબતે આગળની કાર્યવાહી કરવા નગરપાલિકાના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝી–

કયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રીને આ અંગેની તમામ સત્તાઓ આપવા ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૫..

## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે નાણાં પંચની નગરપાલિકાને મળેલ ગ્રાન્ટમાંથી રોડ રસ્તાના કામ અંગે નગરપાલિકાના વોર્ડ નંબર. ૦૧ થી ૦૯ ના આ સાથે સામેલ જુદા જુદા વિસ્તારોમાં કામો અંગે જરૂરી ટી.એસ. મેળવી આ કામોનું કન્સલટીંગ / ડી.ટી.પી./ ટી.પી.આઈ.ની કામગીરી નગરપાલિકાના માન્ય કન્સલટન્ટ શ્રી ધર્મેશભાઈ એમ. પટેલ પાસે મંજુર થયેલ ભાવો મુજબ કામગીરી કરાવવા અને દરેક વોર્ડમાં રૂપીયા. ૧૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બાર લાખ ની મર્યાદામાં કામો કરવાના રહેશે આમ કુલ અનુક્રમ નંબર ૦૧ થી ૦૯ વોર્ડના કુલ રૂપીયા. ૧૦૮.૦૦ લાખના કામો નાણાં પંચની ગાઈડ લાઈન મુજબ જરૂરી કાર્યવાહી પુર્ણ કરી આ કામો ઈ.ટેન્ડરીંગ એન.કોડ સોલ્યુશન મારફતે ટેન્ડરની કામગીરી કરવાની રહેશે તેની જાહેરાત દૈનીક "સંદેશ" આણંદ જીલ્લાની આવૃતિ તેમજ "નયા પડકાર"ની દૈનીક આવૃતિમાં જાહેરાત આપવાની રહેશે અને તેનો થતો ખર્ચ ચુકવવા ઠરાવવામાં આવે છે. આ બાબતે આગળની કાર્યવાહી કરવા નગરપાલિકાના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રી ને આ અંગેની તમામ સત્તાઓ આપવા ઠરાવવામાં આવે છે.

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ત્રિકોણીયા શોપીંગ સેન્ટરની બનાવવાની અધૂરી કામગીરી બાબતે ટી.પી.આઈ તરીકે નગરપાલિકા માન્ય કન્સલ્ટન્ટ શ્રી ધર્મેશભાઈ એમ.પટેલ પાસે મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે તેમજ સદર કામગીરી પણ ઉપર જણાવ્યા મુજબ કરવા ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૬...
## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી વર્ષ ૨૦૧૫–૧૬ની રીવાઈઝડ બજેટ મંજુરી મુજબની બાકી તફાવતની રકમ તથા વર્ષ ૨૦૧૬–૧૭ની મનોરંજન કર યોજનાની ગ્રાંટના સુધારેલા અંદાજ મુજબ ખંભાત નગરપાલિકાને ફાળવેલ ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના દફતરી હુકમ નંબર. મફબ/મનો.કર/ગ્રાંટ/૨૦૧૫–૧૬/રીવાઈઝડ તથા ૨૦૧૬–૧૭/ વશી/૨૦૧૭/ ૪૫૯૩ તારીખ.૩૧–૦૩–૨૦૧૭ મુજબ નગરપાલિકાને ફાળવેલ રૂપીયા. ૬૮,૪૦,૧૫૫/– અંકે રૂપીયા અડસઠ લાખ ચાલીસ હજાર એકસો પંચાવત પુરા ની રકમ તથા રાષ્ટ્રીય પર્વ (૨૬ મી જાન્યુઆરી ૨૦૧૭) માટેના હુકમ નંબર ક્રમાંક/આયોજન/૨૦૧૭/વશી/૬૬ તારીખ.૨૯–૦૪–૨૦૧૭ મુજબ નગરપાલિકાને ફાળવેલ રૂપીયા.૩૧.૯૧ લાખ આમ બંને રકમ મળી કુલ રૂપીયા. ૧,૦૦,૩૧,૧૫૫/– અંકે રૂપીયા એક કરોડ એકત્રીસ હજાર એકસો પંચાવન પુરાની રકમ ખંભાત શહેરમાં સી.સી.ટી.વી.સર્વેલન્સ સીસ્ટમ નાંખવા માટે મંજર થયેલ છે.

આ બાબતે સદર ગ્રાન્ટ હેઠળના કામોની કન્સલ્ટીંગ / ડી.ટી.પી / ટી.પી.આઈ ની કામગીરી નગરપાલિકા માન્ય કન્સલ્ટન્ટ શ્રી ધર્મેશભાઈ એમ.પટેલ પાસે મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે

આ બાબતે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને સત્તા આપવામાં આવે છે.જે અંગેના ઓન લાઈન ભાવપત્રકો એન.કોડ શોલ્યુશન મારફતે મંગાવવા તથા આ અંગેની જાહેરાત દૈનીક પેપર "નયા પડકાર" તથા "સંદેશ" આણંદ આવૃત્તિમા પ્રસિધ્ધ કરવા મંજુર. આ બાબતે આ અંગેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે. તથા આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૭

## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે છેલ્લા વર્ષોથી ખંભાતમાં દિવાળીના સમયમાં ખંભાત ઠે. માદળા તળાવ પાસે આવેલ ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળાનું આયોજન થતું આવેલ છે અને તે મુજબ ચાલુ સાલે તા.૧૫–૧૦–૨૦૧૭ થી તા.૦૪–૧૧–૨૦૧૭ સુધી દિવાળી સમય દરમ્યાન સદર ચકડોળ ગ્રાઉન્ડ નીચેની શરતોએ જાહેર હરાજીથી રૂપીયા.૨૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા. પચ્ચીસ લાખ પુરા માટેની અપ સેટ કીંમતે આપવા ઠરાવવામાં આવે છે.

## હરાજીની શરતો.

(૧) હરાજીમાં ભાગ લેવા માટે રૂા.૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા. બે લાખ પુરા રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફટથી ડીપોઝીટ તા.૨૨–૦૯–૨૦૧૭ના બપોરના ૩–૦૦ કલાક સુધીમાં ઓફીસ સમય દરમ્યાન ખંભાત નગરપાલિકામાં રોકડેથી ભરવાની રહેશે.

(૨) દિવાળી મેળાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ નગરપાલીકા હસ્તકની જ જગ્યા હંગામી ધોરણે મેળાના દિવસો દરમ્યાન મેળાના આયોજન માટે વાપરવા આપવા નોન–રીફંન્ડેબલ પ્રિમિયમ લાયસન્સ ફી ની અપસેટ કીંમત રૂા.૨૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ લાખ પુરા ઠરાવવામાં આવે છે. અને તેનાથી ઉપરની બોલી રૂપીયા ૨૦,૦૦૦/– વીસ હજારના ગુણાંકમાં બોલવાની રહેશે.

(૩) દિવાળી મેળાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ ની જગ્યા તા.૧૫/૧૦/૨૦૧૭ થી થી તા.૦૪/૧૧/૨૦૧૭ એટલે કે (આસો વદ–૧૧ થી કારતક સુદ–૧૫) સુધી ૨૧ (એકવીસ) દિવસ માટે મેળાના દિવસો સુધી લાયસન્સ ફી થી વાપરી શકાશે.

(૪) હરાજીમાં સૌથી ઉચી બોલી બોલનાર ને જગ્યા (ગ્રાઉન્ડ) ફાળવવી કે નહીં તેનો આખરી નિર્ણય નગરપાલિકાનો રહેશે. જે સર્વેને બંધનકર્તા રહેશે.

(૫) હરાજીમાં જે ઉચી બોલીની રકમ મંજુર થાય તે બોલી ની ૬૦% બોલીની રકમ મંજુર થયે હરાજી પુરી થયે તુરત નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે અને બાકીની ૪૦% રકમ હંગામી વીજ જોડાણ માટે એન.ઓ.સી. આપતી વખતે નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. એટલે કે હરાજીની બોલી મંજુર થયેલ પુરેપુરી રકમ એન.ઓ.સી.આપતી વખતે જ નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ જ નગરપાલિકા તરફથી મેળાના આયોજન માટે જગ્યાનો કબજો આપવામાં આવશે.

(૬) હરાજીમાં બોલીની મંજુર થયેલ પુરેપુરી રકમ દરેક તબકકે રોકડેથી / ડીમાન્ડ ડ્રાફટથી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.

(૭) હરાજીમાં મંજુર કરેલ બોલીની પુરેપુરી રકમ શરત (૫) તથા શરત (૬) માં જણાવ્યા મુજબ નગરપાલિકામાં જમા કરાવવામાં ચુક થશે તો દિવાળી મેળાના આયોજન માટેની જગ્યાની ફાળવણી રદ કરવામાં આવશે અને હરાજીની બોલી માટે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૮) હરાજીમાં સૌથી ઉંચી બોલી જેની મંજુર કરવામાં આવે તેઓ હરાજીની શરતો મુજબ બોલીની પુરેપુરી રકમ નગરપાલિકામાં નહી ભરે તો તેની બોલી રદ કરવામાં આવશે અને તે સંજોગોમાં સદર જગ્યા અન્યને ફાળવવા માટે રકમ નકકી કરવાનો કે ફાળવણી કરવાનો નિર્ણય નગરપાલિકા કરશે.

(૯) મેળાની શરૂઆત પહેલા પ્રવર્તમાન સરકારી કાયદા મુજબ નકકી કરેલા જરૂરી પરવાના લાયસન્સ વિગેરે જે તે ઓથોરીટી પાસે મેળવી લેવાની જવાબદારી મેળાના આયોજન માટે ગ્રાઉન્ડ રાખનારની રહેશે.

(૧૦) મેળાના દિવસો અને મેળાના સમય દરમ્યાન મેળામાં ભાગ લેનાર ગ્રાહકો – પ્રજાજનોની સલામતીની સંપુર્ણ જવાબદારી ગ્રાઉન્ડ રાખનારની રહેશે. અને તે માટે ગ્રાઉન્ડ રાખનારે જરૂરી આયોજન કરવાનું રહેશે.

(૧૧) મનોરંજનની આઈટમો ગ્રાઉન્ડ ઉપર ગોઠવવા માટે જગ્યામાં જે કોઈ લેવલીંગ વિગેરે અનુકુળતા મુજબ કરવાની જવાબદારી જગ્યા ભાડે રાખનારની રહેશે. અને તે અંગેનો કોઈ જ ખર્ચ નગરપાલિકા ભોગવશે નહીં. તથા મેળો પુરો થયેથી ગ્રાઉન્ડ જે તે પરિસ્થિતિમાં હતું તે મુજબ લેવલીંગ કરી આપવાનું રહેશે.

(૧૨) ચકડોળ ગ્રાઉન્ડ સિવાય બાકીની જમીન પર મનોરંજનની આઈટમ અગર અન્ય સ્ટોલ લાગવી શકાશે નહીં.

(૧૩) ફી જેની બોલી મંજુર થઈ હશે તેમણે ભરેલ રૂપીયા.૨,૦૦,૦૦૦/– ડીપોઝીટની રકમ કારતક સુદ–૧૫ (પૂનમ)પછી મેળો પુરો થયા પછી પરત કરવામાં આવશે.

(૧૪) ચકડોળ ગ્રાઉન્ડમાં વચ્ચેના ભાગે પાણીની લારીઓ તથા અન્ય લારી ગલ્લાઓ માટે ૨૧ (એકવીસ)ની સંખ્યામાં જગ્યા રાખવાની રહેશે. તેમજ જાહેર જનતાને બેસવા માટેની જગ્યા પણ રાખવાની રહેશે. આ મુજબની જરૂરી સુચનાઓ નગરપાલિકા તરફથી આપવામાં આવશે તે મુજબ વર્તવાનું રહેશે.

(૧૫) ચકડોળ ગ્રાઉન્ડમાં મનોરંજનની આઈટમો તથા વચ્ચેના ભાગે લારી ગલ્લા ઉભા રાખવાની તથા બેસવાની જગ્યા વચ્ચે જાહેર જનતાની અવર જવર માટે ૪૦ ફુટના રસ્તાની જગ્યા રાખવાની રહેશે.

(૧૬) કાયદાથી પ્રતિબંધિત કે જુગાર સટ્ટા કે અશ્લીલ આઈટમો સદર જગ્યામાં ગોઠવવા કે પ્રતિબંધિત ચીજ વસ્તુઓના વેચાણ માટે દુકાન કે સ્ટોલ કરી શકાશે નહીં.

(૧૭) મેળાની શરૂઆત થતાં પહેલા રાજય સરકાર કે ઉપલી ઓથોરીટી તરફથી આ મેળાના આયોજન માટે મનાઈ ફરમાવવામાં આવે કે રદ કરવામાં હુકમ કરવામાં આવે તેવા સંજોગોમાં જગ્યાની ફાળવણી રદ કરવામાં આવશે અને ભરેલ રકમ પરત કરવામાં આવશે નહીં.

(૧૮) મેળાની શરૂઆત થઈ ગયા પછી અધવચ્ચે શરત (૧૫) માં જણાવ્યા મુજબની પરિસ્થિતિમાં ભાડાની નકકી થયેલ રકમનો (શરત–૩ મુજબના) મેળાના દિવસો દીઠ ગણતરી કરીને ભાડાની ગણતરી કરી નિકાલ કરવામાં આવશે.

(૧૯) ચકડોળ ગ્રાઉન્ડની જગ્યામાં સલામતીની વ્યવસ્થાના કામે નગરપાલિકાના ફાયર ફાઈટર ઉભુ રાખવા તથા સ્ટાફ માટની જગ્યા નગરપાલિકા માટે અનામત રાખવાની રહેશે.

(૨૦) ચકડોળ ગ્રાઉન્ડ રાખનાર વ્યકિતઓએ આવા મેળા કરેલ હોય તેના પ્રમાણપત્રો (ખંભાત તથા અન્ય જગ્યાના) અનુભવના પત્રો રજુ કરવાના રહેશે.

(૨૧) મેળા દરમયાન આગ, અકસ્માત કે શોર્ટ સર્કીટ કે અન્ય કોઈપણ પ્રકારની જાન હાની કે નુકશાન ન થાય તેની સંપુર્ણ વ્યવસ્થા આયોજકે કરવાની રહેશે. આ પૈકી કોઈપણ બનાવ થાય તો તો તેની સંપુર્ણ જવાબદારી આયોજકની રહેશે.

(૨૨) હરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ પોતાનું ઓળખકાર્ડ રજુ કરવાનું રહેશે તથા સરનામાનું પ્રુફ પણ રજુ કરવાનું રહેશે.

(૨૩) સરકારના કે કોર્ટના કોઈપણ હુકમના કારણે જો દિવાળી મેળાનું આયોજન કેન્સલ કરવું પડે (રદ કરવું પડે) કે કોઈ આસમાની સુલતાની (Act of God) થાય તો તેને માટે નગરપાલિકા જવાબદાર ગણાશે નહીં.

(૨૪) એચ–૧, એન–૧, ફલુ (સ્વાઈન ફલુ) ના વાયરસને અસરના કારણે જરૂરી લાગે તો આરોગ્ય વિભાગની પુર્વ મંજુરી મેળાના આયોજકોએ મેળવી લેવાની રહેશે તેમજ આ અંગેની જરૂરી સુવિધા તેમજ ડોકટરો વિગેરેની વ્યવસ્થા પણ જો કરવાની થાય તો તે આયોજકોએ પોતાના ખર્ચે કરવાની જવાબદારી રહેશે

(૨૫) આ ઉપર જણાવેલ તમામ શરતો પૈકીની કોઈપણ શરતમાં સુધારો વધારો કરવાની સત્તા નગરપાલિકાની એકઝીકયુટીવ કમીટીને રહેશે અને તે ઈજારદારે માન્ય – રાખવાની રહેશે.

ઉપરોકત શરતોએ જાહેર હરાજી કરવા માટે નયા પડકાર તથા સંદેશ દૈનિક – પેપરમાં જાહેરાત આપી અને તે અંગેનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવો તથા જાહેર હરાજીની સંપૂર્ણ કાર્યવાહી નગરપાલિકાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તથા એકઝીકયુટીવ કમીટી ચેરમેનશ્રી તથા કમીટીના સભ્યોની હાજરીમાં થશે અને આખરી નિર્ણય માનનીય પ્રમુખશ્રી

અને ચેરમેનશ્રી, એકઝીકયુટીવ કમીટીનો રહેશે.

જાહેર હરાજી તારીખ.૨૨–૦૯–૨૦૧૭ ના રોજ બપોરના ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા હોલમાં કરવામાં આવશે. જેથી જેઓ ભાગ લેવા માંગતા હોય તેઓ એ નિયત સમયમાં ડીપોઝીટ ભરી ભાગ લેવા જણાવવામાં આવે છે. ડીપોઝીટની રકમ તારીખ–૨૨–૦૯–૨૦૧૭ ના રોજ ઓફીસ સમય દરમ્યાન બપોરના ૩–૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે.નિયત સમય સુધીમાં ડીપોઝીટ નહીં ભરનાર હરાજીમાં ભાગ લઈ શકશે નહીં અને ડીપોઝીટની ભરેલ રકમ હરાજીની કાર્યવાહી પુર્ણ થયા બાદ જેની બોલી મંજુર થયેલ હોય તે સિવાયના અન્ય ઈસમોને ડીપોઝીટ પરત આપવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૮
## તારીખ.૦૮-૦૯-૨૦૧૭

ખંભાત શહેરમાં ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાતનાકા સુધી દિવાળી મેળામાં હાથલારી, પાથરણા, સ્ટોલ દુકાન દ્રારા ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી – ઉધરાવવા માટે જાહેર હરાજીથી નીચે જણાવેલ શરતોથી આપવા નકકી કરવામાં આવે છે.

(૧) ઈજારાની હરાજી ભાગ લેવા હરાજીના દિવસ સુધી બપોરના ૩–૦૦ સુધી રૂપીયા ૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા ડીપોઝીટ મ્યુની. ઓફીસે જમા કરાવવાની રહેશે.

(૨) દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી હાથલારી, પાથરણા, સ્ટોલ, દુકાન વિગેરે ધ્વારા ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી ઉધરાવવા અંગે તારીખ.૧૫–૧૦–૨૦૧૭ થી તારીખ.૦૪–૧૧–૨૦૧૭ સુધી – હંગામી ઈજારાની અપસેટ કીંમત રૂપીયા ૩,૦૦,૦૦૦/– અંકે રૂપીયા. ત્રણ લાખ – પુરા રાખવામાં આવેલ છે અને તે અંગેની બોલી રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજારના ગુણાંકમાં બોલવાની રહેશે.

(૩) દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી દૈનિક લાયસન્સ ફી ઉધરાવવાનો ઈજારો તા.૧૫–૧૦–૨૦૧૭ થી તા.૦૪–૧૧–૨૦૧૭ સુધીનો જ રહેશે. ત્યાર બાદ ઈજારો રદ થયેલો ગણાશે.

(૪) દિવાળી મેળો હાથલારી વિગેરે અંગેના હંગામી ઈજારો રોજીંદા લાયસન્સ ફી કામની બુકો છપાવવાની જવાબદારી ઈજારેદારની રહેશે. ઈજારેદારે ઈજારાના કામ માટે વાપરવામાં તમામ આવનાર સ્ટેશનરીમાં સહી સિકકા નગરપાલિકાની ટેક્ષ વિભાગમાં કરાવ્યા બાદ જ તેને ઉપયોગમાં લેવાની રહેશે તે સિવાય ઉપયોગમાં લઈ શકાશે નહીં. આ કામે નગરપાલિકા તરફથી કોઈ કર્મચારી કે કોઈપણ જાતની સ્ટેશનરી કે કોઈ

ઓફીસ કે સાધન સામગ્રી ફાળવવામાં આવશે નહીં.

(૫) દિવાળી મેળામાં હંગામી ઈજારદાર હાથલારી, પાથરણા, સ્ટોલ, દુકાન, અન્ય વેપાર કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી નીચે જણાવેલ પત્રક પ્રમાણે વસુલ કરવાની રહેશે. જેમાં હંગામી ઈજારદાર વધુ રકમ વસુલ કરી શકશે નહીં. અને જો તે ધ્યાન પર આવશે તો હંગામી ઈજારો નોટીસ આપ્યા સિવાય આપો આપ રદ કરી શકાશે.

| | | |
|---|---|---|
| (૧) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ સામે રૂપી હોટલ પાસેના ઈલેકટ્રીક ડી.પી.થી મેતપુર રોડ રેલ્વે ફાટક સુધી બંને સાઈડે ખુલ્લી જગ્યાનાં મંડપ બાંધે તેના દૈનીક દિન–૧ ના રહેશે. | એક ચોરસ ફુટે રૂા.૩–૫૦ |
| (૨) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર રેલ્વે ફાટક સુધીના નાની મોટી ચકરડી વાળા પાસે ૧ (એક) દિવસના રોજના ઉચ્ચક | ૧– (એક) દિવસ રૂા.૧૦૦–૦૦ |
| (૩) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર જકાત નાકા સુધી રોડની બંને બાજુએ. | ૧– (એક) દિવસ ઉચ્ચક ભાવો છે. |
| | (૧) નાસ્તા–ખાણી–પીણીની લારીઓ માટે (બેસવાની જગ્યા સાથેનાં) રોજના દિન–૧ (એક) ના | રૂા.૬૦–૦૦ |
| | (૨) નાસ્તા–ખાણી–પીણીની લારીઓ માટે (બેસવાની જગ્યા સિવાયનાં) રોજના દિન–૧ (એક) ના | રૂા.૪૦–૦૦ |
| | (૩) પાણી પુરીની લારી (ખૂમચા) રોજના દિન–૧ (એક) ના | રૂા.૪૦–૦૦ |
| | (૪) અન્ય પરચૂરણ લારીઓ જેવી કે સીંગદાણા, મમરા, કટલરી વિ. રોજના દિન–૧ (એક) ના | રૂા.૩૦–૦૦ |
| | (૫) આઈસ્કીમની લારીઓના રોજના દિન–૧ (એક) ના | રૂા.૫૦–૦૦ |
| | (૬) ઠંડા પાણીની લારીઓના રોજના દિન–૧ (એક) ના | રૂા.૧૦–૦૦ |
| (૪) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાત નાકા સુધી રોડની બંને બાજુએ પાથરણાં પાથરી ધંધો કરનાર દરેક પાસેથી એક ચોરસ ફુટનાં દિન–૧ (એક) ના | એક ચોરસ ફુટના રૂા.૩–૦૦ |

(૬) આ દિવાળી મેળો હંગામી ઈજારો દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી – ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી હદ પુરતું મર્યાદિત રહેશે તેમાં ચકડોળ ગ્રાઉન્ડ હંગામી ઈજારેદારના ક્ષેત્રમાં આવશે નહી

(૭) માદળા તળાવ પર આવેલ ત્રિકોણીયા પાસે આવેલ દુકાનો અંદર દારૂખાનાની દુકાનની ઈજારદારના કાર્યક્ષેત્રમાં આવશે નહી જેનો અલગથી ઠરાવ કરવામાં આવનાર છે.

(૮) હંગામી ઈજારદારે શરતોનું ભંગ કરવામાં આવશે તો તે નગરપાલિકા ઈજારો રદ કરવામાં આવશે અને ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૯) હંગામી ઈજારદારે હાથલારી, પાથરણા, સ્ટોલ ટ્રાફીકના નિયમોને અગ્રીમતા આપવાની રહેશે તથા પબ્લીકને આવવા જવામાં કોઈપણ જાતની અડચણ રૂપ હશે તો નગર– પાલિકા હાથલારી, પાથરણા, સ્ટોલ વિગેરે ઉઠાવી શકશે. પરંતુ સદર બાબતની જાણ જે તે હાથલારી, પાથરણા,સ્ટોલ વાળાને કરવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૦) દિવાળી મેળા માટે હાથલારી, પાથરણા, સ્ટોલ વિગેરે દ્વારા ધંધો કરતાં ઈસમો દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા અંગે હરાજીમાં સૌથી વધુ બોલી બોલનારને ઈજારો આપવો કે નહીં તેનો આખરી નિર્ણય નગરપાલિકા હસ્તક રહેશે.

(૧૧) ઉપરોકત નિયમોનાં અર્થઘટન અને અન્ય કોઈ નવા નિયમો નગરપાલિકા દ્વારા સુચવવામાં આવે તે તમામ બાબતો ઈજારેદારને બંધનકર્તા રહેશે અને આખરી નિર્ણય નગરપાલિકાનો જ માન્ય રહેશે.

(૧૨) દિવાળી મેળા માટે હાથલારી, પાથરણા, સ્ટોલ દ્વારા ધંધો કરતાં ઈસમો દૈનિક લાયસન્સ ફી થી ઉઘરાવવા માટેની આ સિવાય કોઈપણ શરત ઉમેરવાની થાય તો તે નગરપાલિકા ઉમેરી શકશે અને તે ઈજારદારે માન્ય રાખવી પડશે.

(૧૩) ફકત સરકારી અધિકારીશ્રી તરફથી અનિવાર્ય સંજોગોને કારણે કરફયુ જાહેર કરે તથા સરકારશ્રી તરફથી જે કોઈ હુકમ થાય તો તેવી પરિસ્થિતિમાં તે સમય(દિવસ)દરમ્યાન ના નાણાં નગરપાલિકા કાપી આપશે. જેમાં ભરેલ રકમના જે તે દિવસ બંધ રહેલ તેને ભાગતા જે રકમ આવશે તેને બાદ કરી આપવામાં આવશે.(કોઈપણ પક્ષ કે જાહેર જનતા વિગરે તરફથી આપેલ બંધનું એલાન કરવામાં આવશે તો તે દિવસ બાદ કરી આપવામાં આવશે નહીં.)

(૧૪) દિવાળી મેળા માટે હંગામી ઈજારો રાખનારે હરાજીની બોલીની રકમ હરાજીની તારીખથી દિન–૩ (ત્રણ)માં ૫૦% ટકા નાણાં જમા કરાવવાના રહેશે. બાકીની રકમ તારીખ.૧૦–૧૦–૨૦૧૭ સુધીમાં જમા કરાવવાના રહેશે. મુદત દરમ્યાન જો રકમ

ભરપાઈ કરવામાં નહીં આવે તો હરાજીની ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. અને જો ભરપાઈ કરી દેવામાં આવશે તો ડીપોઝીટની રકમ ભરવા પાત્ર રકમમાં જમા આપવામાં આવશે.અને ડીપોઝીટની ભરેલ રકમ દિન–૧૦ પછી પરત આપવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૯

## તારીખ.૦૮-૦૯-૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે જણાવેલ અરજદારો એ ખંભાત શહેરમાં જુદા જુદા વિસ્તારમાં દિવાળી તહેવાર દરમ્યાન હંગામી ધોરણે દારૂખાના વેચાણ કરવા માટે એન.ઓ.સી. મેળવવા અરજીઓ આવેલ છે.

| અ.ન. | દારૂખાનું વેચનાર અરજદારનું નામ | દારૂખાના વેચાણ કરવાનું સ્થળ | અરજી તારીખ. |
|---|---|---|---|
| (૧) | કલ્પેશકુમાર અરવિંદભાઈ ડબગર રે. મોચીવાડ, ખંભાત | શ્રી સમસ્ત લેવા પાટીદાર ન્યાત, પટેલ ભુવન, ખંભાત | ૨૧-૦૮-૨૦૧૭ |
| (૨) | વિકાસ વિનોદચંદ્ર ડબગર રે. મોચીવાડ, ખંભાત | શ્રી સમસ્ત લેવા પાટીદાર ન્યાત, પટેલ ભુવન, ખંભાત | ૨૪-૦૮-૨૦૧૭ |
| (૩) | શ્રી સ્વામીનારાયણ મંદીર નાના કલોદરા વહીવટકર્તા આર.બી.પટેલ | શ્રી સમસ્ત લેવા પાટીદાર ન્યાત, પટેલ ભુવન, ખંભાત | ૨૮-૦૮-૨૦૧૭ |
| (૪) | પટેલ અલ્પેશકુમાર મનહરભાઈ નગરા, ગોપીનાથ ગૃપ ફટાકડા સેન્ટર. | શ્રી સ્વામીનારયણ વાડી, પ્રેસ રોડ, ખંભાત | ૨૯-૦૮-૨૦૧૭ |
| (૫) | મેનેજરશ્રી ધી ખંભાત મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. | દુ.નં.૨૦ માદળા ગેસ્ટ હાઉસ, મ્યુની.નંબર.બી૦૦૯૨/એ.૧૪ | ૦૪-૦૯-૨૦૧૭ |

ઉપરોકત જણાવેલ અરજદારો ને ઉપર જણાવેલ સ્થળોએ દારૂખાના વેચાણ માટે નીચે જણાવેલ શરતોથી એન.ઓ.સી. આપવા ઠરાવવામાં આવે છે.

(૧) દારૂખાના વેચાણ માટે હંગામી ધોરણે એન.ઓ.સી.આપવામાં આવે છે.

(૨) સદર એન.ઓ.સી.તારીખ.૨૫-૧૦-૨૦૧૭ સુધી આપવામાંમ આવે છે.

(૩) અરજદારશ્રી એ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, આણંદ તથા સરકારશ્રીના દારૂખાના વેચાણથી તમામ શરતો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે તથા એમ.જી.વી.સી.એલ.ના વીજ જોડાણના નિયમો પાળવાના રહેશે.

(૪) આગ અકસ્માતની તમામ જવાબદારી અરજદારની રહેશે.

(૫) સદર એન.ઓ.સી. મેળવવા નગરપાલિકામાં રૂા.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા જમા કરાવેથી એન.ઓ.સી. આપવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૦
## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે અરજદારશ્રી જગદીશભાઈ વિઠ્ઠલભાઈ ડબગરની સાથે કુલ–૧૩ અરજદારશ્રી સંયુકત તારીખ.૨૧–૦૮–૨૦૧૭ની અરજી તથા ચીફ ઓફીસરશ્રીનો અભિપ્રાય વંચાણે લઈ માદળા તળાવ તરીકે ઓળખાતી સીટી સર્વે નંબર.૩/૩૨૪૬ પૈકીની જગામાં જે કોમ્પલેક્ષ બનાવેલ છે તેની ઉત્તર તરફ રોડ ડીવાઈડર સાઈડ તરફની જગ્યામાં દિવાળી તહેવારમાં દારૂખાનું વેચવાનો ધંધો કરવા માટે નીચે જણાવેલ ૧૩ અરજદારશ્રીઓને હંગામી ધોરણે તારીખ.૦૯–૧૦–૨૦૧૭ થી તારીખ.૨૫–૧૦–૨૦૧૭ સુધી દિન–૧૭ (સત્તર) માટે જગ્યા લાયસંસ ફી થી હંગામી ધોરણે નીચે જણાવેલ અરજદારશ્રીઓને નીચેની શરતોથી આપવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | અરજદારશ્રીનું નામ | સરનામું |
|---|---|---|
| (૧) | મોહંમદયુસુફ નુરમહંમદ શેખ | દારૂવાળાની ખડકી |
| (૨) | સંજયકુમાર બાબુભાઈ રાણા | લોકાપરી |
| (૩) | જગદીશભાઈ વિઠ્ઠલભાઈ ડબગર | મોચીવાડ |
| (૪) | રાજેશકુમાર નાનાલાલ રાણા | ચિતારી બજાર |
| (૫) | સુખલાલ મંગળદાસ રાણા | ખનખનીયાપાડો |
| (૬) | પરસોતમભાઈ સોમાભાઈ રાણા | દંતારવાડો પારસીવાડ |
| (૭) | હસમુખલાલ નટવરલાલ ડબગર | મોચીવાડ |
| (૮) | મેહુલકુમાર નટવરલાલ રાણા | પીઠબજાર પોસ્ટ ઓફીસ |
| (૯) | આગા તકી આગા ફઝલ મોગલ | બાંદરાબુરજ |
| (૧૦) | પરસોતમભાઈ સોમાભાઈ રાણા | કડીયાની વાડી, મોચીવાડ |
| (૧૧) | શાંતીલાલ નટવરલાલ રાણા | લોકાપરી |
| (૧૨) | મેહુલકુમાર રતીલાલ ડબગર | મોચીવાડ |
| (૧૩) | મોહંમદહુસેન સિંકદરઅલી આગા | બાંદરાબુરજ |

શરતો

(૧) દારૂખાનું વેચવા બાબતે સરકારશ્રીના અધિકારીશ્રીનો અગાઉથી તમામ મુંજરી લેવાની રહેશે.

(૨) દારૂખાનું વેચવા માટે નિયમ મુજબ પરવાના તથા ખુલ્લી જગામાં પતરાની દુકાનનું લાઈટ ખર્ચ વિગેરે અરજદરશ્રીએ ભરવાના રહેશે.

(૩) સરકારશ્રીના આપેલ પરવાના નિયમો ચુસ્ત પાળવાના રહેશે.

(૪) હંગામી ધોરણે તારીખ.૦૯–૧૦–૨૦૧૭ થી તારીખ.૨૫–૧૦–૨૦૧૭ સુધી દરેક અરજદારશ્રીએ ઉચ્ચક રૂપીયા.૭૦૦૦/– અંકે રૂપીયા સાત હજાર પુરા લાયસંસ ફી ભરવાની રહેશે હંગામી દુકાન સાઈઝ ૮ × ૮ ફુટની બનાવાની રહેશે.

(૫) આગ અકસ્માતની સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીઓની રહેશે નગરપાલિકા ની કોઈ જ જવાબદારી રહેશે નહી.

(૬) અ.ન.૪ માં જણાવ્યા મુજબની રકમ નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ જ એન.ઓ.સી. આપવામાં આવશે.

(૭) એન.ઓ.સી. મેળવવા મો ફી રૂા.૫૦૦/– અંકે રૂપીયા. પાંચસો પુરા જમા કરાવવાના રહેશે.

(૮) મુદત પુર્ણ થયા બાદ જે સ્થિતિમાં જમા ફાળવેલ હોય તે સ્થિતિમાં પરત આપવાની રહેશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૧

## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના કોમ્પ્યુટર વિભાગમાં ડીસ્પેચ વિભાગ ઈનવર્ડ આઉટવર્ડ આવેલ છે જેમાં પાવર સપ્લાય વધ ઘટ થવાને કારણે તેનું મધર બોર્ડ બંધ પડી ગયેલ હોવાથી તે મધર બોર્ડ રીપેર કરાવવું પડે તથા તેને ફોરમેટ કરી નવેસરથી સોફટવેર ઈન્સ્ટોલ કરારવવા પડે તેમ છે તેમાં સરકયુલર ટેન્ડર ફેરવીને ભાવો મંગાવતા કુલ ત્રણ પાર્ટીના ભાવો આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં નીચે મુજબના ભાવો આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | માલ સામાનનું વર્ણન વજન, સંખ્યા, જથ્થો વિગેરે. | સમર્થ કોમ્પ્યુટર હનુમાનની પોળ, ખંભાત (મો)૯૮૭૯૫૨૬૯૧૧ (૧) | ડીજીટી કોમ્પ્યુટર ચીતારી બજાર ખંભાત (મો)૯૭૨૩૯૦૦૦૩૪ (૨) | માઈક્રો કોમ્પ્યુર સ્ટેશન રોડ, ખંભાત (મો)૯૮૨૪૫૩૭૧૩૨ (૩) |
|---|---|---|---|---|
| (૧) | ડીસ્પેચ વિભાગમાં ઈનવર્ડ આઉટવર્ડ વિભાગમાં મધર બોર્ડ રીપેરીગ તથા કોમ્પ્યુટરને ફોરમેટ કરી નવેસરથી સોફટવેર ઈન્સ્ટોલ કરવા સાથેના ભાવો. | રૂા.૧૩૫૦/– મધર બોર્ડ રીપેરીગ કામના તથા રૂા.૩૫૦/– ફોરમેટીગ કામના | રૂા.૧૪૦૦/– મધર બોર્ડ રીપેરીગ કામના | રૂા.૧૪૫૦/– મધર બોર્ડ રીપેરીગ કામના તથા રૂા.૪૦૦/– ફોરમેટીગ કામના |

જેમાં(૧) સમર્થ કોમ્પ્યુટર, હનુમાનની પોળ, ખંભાતના રૂા.૧૩૫૦/– અંકે રૂપીયા. એક હજાર ત્રણસો પચાસ તથા ફોરમેટીગના રૂા.૩૫૦/–અંકે રૂપીયા ત્રણસો પચાસ પુરા

(૨) ડીજીટી કોમ્પ્યુટર ચીતારી બજાર, ખંભાતના રૂા.૧૪૦૦/– અંકે રૂપીયા. એક હજાર ચારસો પુરા. (૩) માઈક્રો કોમ્પ્યુટર, સ્ટેશન રોડ, ખંભાતના રૂા.૧૪૫૦/– અંકે રૂપીયા એક હજાર ચારસો પચાસ પુરા તથા ફોરમેટીગના રૂા.૪૦૦/– અંકે રૂપીયા ચારસો પુરા ના ભાવો આવેલા છે જેમાં સમર્થ કોમ્પ્યુટર, હનુમનાની પોળ ખંભાતના સૌથી ઓછા ભાવો રૂા.૧૩૫૦/– અંકે રૂપીયા એક હજાર ત્રણસો પચાસ પુરા તથા ફોરમેટીગના રૂા.૩૫૦/– અંકે રૂપીયા ત્રણસો પચાસ પુરા આવેલા તો તેની પાસે સદર કામગીરી કરાવવા મંજુર અને તે અંગેનો ખર્ચ પણ ચુકવવા આથી મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૨
## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના ફાયર વિભાગમાં શબવાહીની નંબર જી.જે.૨૩ જી ૨૮૭ ની કંપની સર્વિસ તેમજ રીપેરીગ કામ કરવાને ઘણો સમય થઈ ગયેલ છે જેથી સદર વાહનને લગતું તમામ ઓઈલ તથા ફીલ્ટરો બદલવાના રેડીયેટર સર્વિસ કરાવવાનું તેમજ ગુટકા તેમજ ટાય રોડ એન્ડનું તેમજ અન્ય પરચુરણ રીપેરીગ કામ એમ.એમ. વોરા ઓટોમોબાઈલ્સ, આણંદમાં કરાવવા માટે અને તે અંગે થતો ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૩
## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

આજ રોજ તારીખ.૦૮–૦૯–૨૦૧૭ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૬૭ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૪
## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

આજ રોજ તારીખ.૦૮–૦૯–૨૦૧૭ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૫૬ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. અને ટેક્ષ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી વર્ષ ૨૦૧૬–૨૦૧૭ ના નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૫
## તારીખ.૦૮–૦૯–૨૦૧૭

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા સરદાર ટાવર સામે આવેલ દેનાબેંક તથા ગ્રીન હોટલ નીચે શોપીગ સેન્ટરમાં આવેલ દુકાન નંબર. ૨૧ જેનો મ્યુની. બ્લોક નંબર. એફ.૧૧૨૫/૨૦ વાળી દુકાન હાલમાં ધર્મેન્દ્ર અંબાલાલ રામી રહેવાસી મોટો કુમારવાડો, મુ. ખંભાત તા.ખંભાત જી.આણંદ ના નામે ચાલે છે. સદર દુકાન તેઓ (૧) શાહબુદ્દીન શિરાજુદ્દીન પઠાણ (૨) શાહજહાખાતુન શાહબુદ્દીન પઠાણ રહેવાસી. અભિલાષા સોસાયટી, મુ.કંસારી તા.ખંભાત જી.આણંદના નામે ટ્રાન્સફર કરવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ જેનો જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ.૩૦–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા માસીક લાયસંસ ફીમાં ૨૫ (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે દુકાન (૧) શાહબુદ્દીન શિરાજુદ્દીન પઠાણ (૨) શાહજહાખાતુન શાહબુદ્દીન પઠાણ રહેવાસી. અભિલાષા સોસાયટી, મુ. કંસારી તા.ખંભાત જી.આણંદના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર.

### શ ર તો

(૧) સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૬૨૫/– અંકે રૂપીયા છસ્સો પુરા</u> પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) દુકાન ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની

રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ દુકાનમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો-વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસ–દારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે

(૨૧) દુકાન લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન

કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની. ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા